**રીવોલ્વીંગ ફંડ હેઠળ જુદા જુદા કેન્દ્રોની ખરીદી દરખાસ્ત તેમજ રીવોલ્વીંગ ફંડની આવકના નફામાંથી અન્ય કામગીરીઓ કરવા અંગે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા.૩૧/૭/૨૦૧૩ ના રોજ ૧૦:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ બાબત.....**

---

મીટીગમાં નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| | |
|---|---|
| (૧) માન. કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | ચેરમેનશ્રી |
| (૨) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| (૩) સહ સંશોધન નિયામકશ્રી (એગ્રી.), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | મેમ્બર ઓફ સેક્રેટરી |
| (૪) આચાર્યશ્રી, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | સભ્ય |
| (૫) આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| (૬) આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| (૭) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| (૮) હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| (૯) મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |

સહ સંશોધન નિયામકશ્રીએ માન.કુલપતિશ્રી અને અન્ય અધિકારીશ્રીઓને આવકારી મીટીગની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

- ❖ સૌપ્રથમ માન.કુલપતિશ્રીએ ઝીરો બજેટહેડવાળા બજેટસદર તેમજ માઈનન્સ ગ્રાન્ટવાળા બજેટસદરને ગ્રાન્ટ સરભર કરી સત્વરે બંધ કરવા જણાવ્યું. **(અમલ : હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ ઘણી કચેરીઓમાં બે થી ત્રણ બજેટ સદર કાર્યરત છે. જેમાં ખર્ચ ન કરતા દર વર્ષે ચાલુ રહે છે. જેથી હિસાબો રાખવા સુગમતા પડે તે માટે મુખ્ય બજેટ સદરમાં અન્ય બજેટોને મર્જ કરી દરેક કચેરી/કેન્દ્રને ફકત એક જ બજેટ સદર રાખવું. **(અમલ : હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ દરેક કેન્દ્રો/કચેરીઓ નાણાકીય વર્ષ દરમ્યાન રીવોલ્વીગ ફંડ હેઠળ કોઈ ખર્ચ કરતા નથી અને ફકત આવક જમા કરાવે છે જે વહીવટી દષ્ટિએ યોગ્ય નથી. આથી દરેક કેન્દ્રોએ રીવોલ્વીગ ફંડ હેઠળ લેવામાં આવેલ સીડ પ્રોડકશન/અન્યની આવક ફાર્મ વિકાસના કામોની સંશોધન નિયામકશ્રીની મંજુરી મેળવી કરવાના રહેશે. **(અમલ : જે તે સંશોધન કેન્દ્રના વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી)**

મુદા નં.–૧ : રીવોલ્વીંગ ફંડ સદરે જુદા જુદા કેન્દ્રોની ખરીદી દરખાસ્તની મંજુરી આપવા બાબત (૨૦૧૩–૧૪)

| અ. નં. | કેન્દ્રનું નામ | બજેટ સદર | કામગીરીની વિગત | અંદાજીત કિંમત |
|---|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ | ૨૦૭૬–૧૪ (આઈસીએઆર) | બોરવેલ (બોરીંગ, પીવીસી પાઈપ, સબમર્શીબલ પંપ મોટર, કેબલ, સ્ટાર્ટર, ગેલ્વેનાઈઝ પાઈપ, ફલચબોર્ડ, મંજુરી | ૧,૦૦,૦૦૦ |
| ૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત | ૨૭૦૪-૫૫ | બોરવેલ | ૩૦,૦૦૦ |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જુવાર સંશોધન કેન્દ્ર, સુરત | ૨૦૭૬-૩ | ૧ હો. પા.નો સબમર્શીબલ પંપ | ૬,૫૦૦ (અંદાજીત) |
| ૪ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા | ૯૫૧૦–એન–૧૧ | જમીન લેવલીંગ | ૯૦,૦૦૦ |
| ૫ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ડીસીડી ફાર્મ, હાંસોટ | ૯૫૧૦–એન–૧૯ | બોરવેલ | ૪૦,૦૦૦ (અંદાજીત) |
| | | | જી.આઈ. ચેઈનલીક | ૧૮,૯૦૦ |
| ૬ | પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી | | આરકેવીવાય ગ્રાન્ટ મળે સરભર કરવા | ૩,૦૫,૦૦૦ |
| ૭ | પ્રાધ્યાપક અને વડા, ફુડ કવાલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, નવસારી | ૯૫૧૦–એન–૫૫ | કયુલ્યુર કેમીકલ્સ (ફળમાખી ટ્રેપ બનાવવા માટે) | ૧,૭૨,૯૩૫ |
| | | | ડીસ્પેન્સર (બોટલમાંથી એસિડ કાઢવા માટે) | ૧,૧૬,૮૪૯ |
| ૮ | પ્રાધ્યાપક અને વડાશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, નવસારી | ૯૫૧૦–એન–૫૨ | એચ.ડી.પી.ઈ. બોટલ | ૪,૯૭,૫૦૦ |
| ૯ | આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, નવસારી | ૯૫૧૦–એન–૫ | ફાર્મ ટ્રેક્ટર | ૫,૫૫,૦૦૦ |
| ૧૦ | પ્રાધ્યાપક અને વડાશ્રી, જનીનવિદ્યા વિભાગ, નવસારી | ૯૫૧૦–એન–૫૩ | કેસ્યોગ્રીન પ્રોજેક્ટર | ૯૦,૨૪૫ |
| ૧૧ | પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ આંકડાશાસ્ત્ર વિભાગ, નવસારી. | ૯૫૧૦–એન–૪૩ | એ.સી. ખરીદવા (નંગ–૨) | ૭૨,૯૮૦ |

ઉપર મુજબના કામોને રીવોલ્વીંગ ફંડની કમીટી દ્વારા મંજુર કરવામાં આવે છે.

મુદ્દા નં.–૨ : નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય અને તમામ પેટા કેન્દ્રો ઉપરનાં રહેણાંકના/કચેરીના મકાનોમાં મરામત અને નિભાવણીની કામગીરી માટે રીવોલ્વીંગ ફંડની નફાની રકમના ૫% ઉપયોગ કરવા બાબત...

❖ નિયામકશ્રી, ખરીદ અને મિલકતની કચેરીના પત્ર જા.નં.ગુકૃયુ/ડીપીપી/ઈ–૬/૨૬૧૪–૩૫/૨૦૦૩, સરદાર કૃષિનગર, તા.૨૭/૮/૨૦૦૩ ના અન્વયે રીવોલ્વીંગ ફંડના નફામાંથી જરૂરિયાત અને ગુણવતાને ધ્યાનમાં લઈ ખાસ કિસ્સામાં નફાની આવકમાંથી ૫% રકમ યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રોના રહેણાંકના મકાનો/ઓફિસો રીપેરીંગ માટે અલાયદી રકમ ફાળવવા અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ કાર્યપાલક ઈજનેર દ્વારા તા ૧૧/૭/૨૦૧૩ લેખિતમાં રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં લંબાણપૂર્વક ચર્ચાને અંતે રીવોલ્વીંગ ફંડની કમીટી સભ્યો દ્વારા ગત નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ માં વિવિધ સંશોધન કેન્દ્રો/કચેરીની

નફાની આવકમાંથી **૫% રકમ ફકત રહેણાંકના મકાનો/ઓફિસોના રીપેરીંગ માટે ફાળવવા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું.** જે સબબ કાર્યપાલક ઈજનેર વિવિધ સંશોધન કેન્દ્રોના મકાનો/ઓફિસો રીપેરીંગ અંગેની દરખાસ્ત લેખિતમાં મેળવી કામની અગ્રીમતા નકકી કરી કમીટી સમક્ષ રજુ કરી વહીવટી મંજુરી મેળવ્યા બાદ તેઓશ્રીની દ્વારા ટેકનીકલ મંજુરી આપ્યા બાદ જે તે કેન્દ્રોના વડાઓ રીપેરીંગ/મરામત અંગેના ભાવો મંગાવી કામગીરી કરાવશે અથવા જો સદર કામગીરી જે તે કેન્દ્રના વડાઓ દ્વારા શકય ન હોય તો કાર્યપાલક ઈજનેર દ્વારા કરવાની રહેશે અને બીલના ચુકવણુ માટે કાર્યપાલક ઈજનેરને રજુ કરવાના રહેશે. આ માટે તેઓશ્રીને અલગ બજેટ સદર ફાળવવામાં આવશે, જેનો હિસાબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીએ સંભાળવાનો રહેશે. **(અમલ : કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી)**

**મુદ્દા નં.–૩ : નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસના રહેણાંક વિસ્તારમાં વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર બનાવવા માટેની મંજુરી બાબત...**

❖ મુખ્ય કેમ્પસ ખાતે પીવાના પાણીમાં દિવસે દિવસે ક્ષારનું પ્રમાણ વધવાથી પીવા માટે અનુકૂળ ન હોવાથી ચોમાસા દરમ્યાન વહી જતાં પાણીને જમીનમાં ઉતારવા માટે વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર બનાવવું જરૂરી છે. આ માટે રીવોલ્વીગ ફંડ બજેટ સદર ૯૫૧૦–એન–૧ માથી રૂા. ૫.૦૦ લાખ અને બજેટ સદર ૯૫૧૦–એન–૪૦ માંથી રૂા.૫.૦૦ લાખ ગ્રાન્ટ કાર્યપાલક ઈજનેરના હવાલે મુકવામાં આવે છે. સદર કામગીરી કરવા માટે એક અલાયદુ બજેટ સદર ૯૫૧૦–એન–૬૨ ફાળવવામાં આવે છે અને આ કામગીરી ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં પુર્ણ કરવાની રહેશે. **(અમલ : કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી)**

**મુદ્દા નં.–૪ : નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ રીવોલ્વીંગ ફંડની નફાની આવકમાંથી બસ ખરીદવા બાબત...**

❖ આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય અને અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય પાસે જે બસ છે તે ખુબ જ જુની હોવાથી અને લાંબા અંતરે ઉપયોગમાં લઈ શકાય એમ નથી અને તેનો મરામત ખર્ચ વધુ માંગી લે એમ છે. વધુમાં બંને કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી તેમજ પ્રેકટીકલ અભ્યાસ અર્થે RAWE માં જુદાં જુદા ગામડાઓમાં લઈ જવાના હોય છે તેમજ શૈક્ષણિક પ્રવાસમાં લઈ જવા માટે નવી બસ ખરીદવાની જરૂરિયાત ઉભી થયેલ છે. આ અંગે સરકારશ્રી તરફથી વાહન ખરીદવા અંગેની કોઈ અલાયદી ગ્રાન્ટ ફાળવવામાં આવતી ન હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં સુગમતા રહે તે માટે સદર ખર્ચ રીવોલ્વીગ ફંડની આવકના નફામાંથી કમીટી દ્વારા બે બસ ખરીદવાની સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. **(અમલ : આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય અને આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યું., નવસારી)**

❖ આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય પાસે એમ્બેસેડર કાર જુની હોવાથી તેમજ તેના રીપેરીંગ અંગેના સ્પેરપાર્ટસ ઉપલબ્ધ ન હોવાથી અને મરામતની કામગીરી અત્રે થઈ શકતી ન હોવાથી રીવોલ્વીગ ફંડની આવકના નફામાંથી નવું વાહન ખરીદવાનું કમીટી દ્વારા મંજુરકરવામાં આવ્યું. **(અમલ : આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી)**

❖ કાર્યપાલક ઈજનેરશ્રી તરફથી મલ્ટીયુટીલીટી વાહનની ખુબજ જરૂરિયાત પડતી હોય ખરીદી માટે મૌખિક રજુઆત કરવામાં આવેલ હતી. તે રજુઆતને કમીટીએ નકકી કર્યુ કે હાલમાં મલ્ટીયુટીલીટી વાહન નોડલ

ઓફિસર, મેગાસીડ તેમજ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ પાસે ઉપલબ્ધ છે. આ વાહનનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુ અનુસાર સદર વાહન કાર્યપાલક ઈજનેરશ્રીને જયારે જરૂરિયાત હોય ત્યારે ફાળવવાનું રહેશે. **(અમલ : નોડલ ઓફિસર, મેગાસીડ તેમજ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ ન.કૃ.યુ., નવસારી)**

❖ કોલેજ ફાર્મ દ્વારા રીવોલ્વીગ ફંડ હેઠળ નીચે જણાવેલ કામોની કમીટી દ્વારા સૈધ્ધાંતિક મંજુરી લવાની શરતે મંજુર કરવામાં આવે છે. સદર કામગીરી અંગે કાર્યપાલક ઈજનેર પાસેથી પ્લાન એસ્ટીમેન્ટ તેમજ ટેકનીકલ મંજુરી મેળવી કામગીરી કરવાની રહેશે.

| અ.નં. | વિભાગ | કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | વિભાગ–બી | દાંડી રોડ તરફની કૃષિશાળા નજીકની સાઈટ પર સ્ટીલનો મોટો ગેટ |
| ૨ | વિભાગ–બી અને એફ | ટર્બા. રૂમના બારી બારણા અને જન. રીપેરીગ કામ કરવું. |
| ૩ | વિભાગ–ઈ | પ્લોટ નં.૨૪ થી ૨૬ સુધી મેટલ રોડ ટર્બાઈન સુધી જવા માટે (૮૦ મીટર) |
| ૪ | વિભાગ–એફ | સોડિયાવાર તરફ મેટલ રોડ (૧૦૦ મીટર)<br>પ્લોટ નં.–૨૫ થી ૨૭ સુધીનો મેટલ રોડ (૫૦ મીટર) |
| ૫ | વિભાગ–જી | મેટલ રોડ, પ્લોટ સુધી જવા–આવવા વાહન/ટ્રેકટર માટે (૪૦૦ મીટર) |
| ૬ | સ્ટોર કમ ગોડાઉન | ફાર્મની સેન્ટ્રલ સ્ટોરરૂમ અને સ્ટોર ગોડાઉનનું ફલોરીગ અને પતરા નાંખવાની કામગીરી |
| ૭ | યાંત્રિકશાખા | યાંત્રિક શાખાનું ફલોરીગ કરાવવું |
| ૮ | કાંટારૂમ | વે–બ્રીજ રૂમની સિલીગ અને પ્લાસ્ટર તેમજ ફલોરીગ, ગ્લાસવર્ક કરવું, બારી બારણા સુધારવા |
| ૯ | વર્કિંગ શેડ | વર્કિંગ શેડનું ફલોરીગ કરવું |
| ૧૦ | ઓફિસ | ઓફિસ બિલ્ડીગ/ટીચીગ રૂમના છત પર પતરા નાંખવા |

❖ આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારીનાં તા. ૨૪/૭/૨૦૧૩ ના પત્ર અન્વયે ગાય–ભેંસના દુધના ભાવો તા.૧/૮/૨૦૧૩ થી વધારવા બાબતે રજુઆત થયેલ છે. જે અન્વયે હાલ પ્રવર્તમાન ભાવો આગામી તા.૩૧/૧૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

અંતમાં સહ સંશોધન નિયામકશ્રીએ સર્વેનો આભાર માની મીટીગ પૂર્ણ જાહેર કરી.

જા.નં.નકૃયુ/સં.નિ./ટી.૨/ ૯૨૨૬-૯૮ /૨૦૧૩
તા.૦૫.૦૮.૨૦૧૩
૧૨

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**
**ન.કૃ.યુ., નવસારી**

<u>**નકલ સવિનય રવાના :**</u> પ્રતિ, માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.